દૃષ્ટિહીન, અસ્થિ વિષયક, મંદબુધ્ધિવાળા, માનસિક માંદગી તથા બહેરી-મૂંગી વ્યકિતઓને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં પ્રવાસ ભાડામાં રાહત આપવાની યોજનાની સમીક્ષા કરવા બાબત...

ગુજરાત સરકાર
ક્રમાંક:અપગ-૧૦૨૦૦૩-૧૬૬-છ.૧
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
સચિવાલય, ગાંધીનગર.

તા.૧૧.૭.૨૦૦૬

વંચાણમાં લીધા:
(૧) સમાજકલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:અપગ-૧૦૯૬-૨૭૯-છ, તા.૧.૭.૯૮
(૨) નિયામક, સમાજ સુરક્ષા ખાતાનો પત્ર ક્રમાંક:અપગ-એસ.ટી. ભાડા રાહત/૨૦૦૪-૦૫-૩૫૭, તા.૧૬.૧૦.૨૦૦૪
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:અપગ-૧૦૨૦૦૩-૧૬૬-છ.૧, તા.૨૫.૫.૨૦૦૫
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫.૧.૨૦૦૬નો સુધારા ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ.૧
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮.૩.૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: અપગ-૧૦૨૦૦૩-૧૬૬/છ.૧
(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦.૫.૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:અપગ-૧૦૨૦૦૩/૧૬૬/છ.૧

**// પ્રસ્તાવના //**

ગુજરાત રાજયમાં વિકલાંગ વ્યકિતઓને મુસાફરી માટે રાહત આપવા માટે અગાઉ સમાજકલ્યાણ વિભાગના તા.૧.૭.૧૯૯૮ના ઉપર ઉલ્લેખાયેલ ઠરાવથી તથા ત્યારબાદ આ વિભાગના તા.૨૫.૫.૨૦૦૫ના સરખા ક્રમાંકના ઠરાવથી નકકી કરવામાં આવેલી નીતિ સંબંધે રાજય સરકાર સમક્ષ થયેલી વિવિધ રજૂઆતોને અનુલક્ષીને આ સમગ્ર બાબતની આ ક્ષેત્રની કેટલીક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નર સાથે સંયુકત બેઠક કરીને ચર્ચા-વિચારણા અને સમીક્ષા કરવામાં આવી હતી. આ સંદર્ભમાં કરવામાં આવેલ ચર્ચા-વિચારણાને અંતે તા.૧.૭.૧૯૯૮ના ઠરાવ ક્રમાંક:અપગ-૧૦૯૬-૨૭૯-છ, તથા તા.૨૫.૫.૨૦૦૫ના આ વિભાગના સરખા ક્રમાંકના ઠરાવથી નકકી કરેલ પ્રવર્તમાન નીતિમાં ફેરફાર કરવાનું જરૂરી જણાયું છે.

158

// ઠરાવ //

આ સંદર્ભમાં કરાયેલ પુખ્ત વિચારણા બાદ ગુજરાત રાજયમાં વિકલાંગ વ્યકિતઓને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં મફત મુસાફરીનો લાભ આપવા માટેની પ્રવર્તમાન નીતિમાં નીચે મુજબ સુધારો કરવાનું ઠરાવવામાં આવે છેઃ-

(૧) આ વિભાગના તા.૨૫.૫.૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃઅપગ--૧૦૨૦૦૩--૧૬૬--છ.૧,થી આ યોજનાનો લાભ લેવા માટે નકકી કરવામાં આવેલ **રૂ.૫૫ હજારની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરીને આવક મર્યાદા રૂ. ૧ લાખની ઠરાવવામાં આવે છે.** **જે વિકલાંગ વ્યકિતઓની** વાર્ષિક આવક રૂ.૧ લાખ સુધીની હશે તેવી જ વિકલાંગ વ્યકિતઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. આ હેતુસર સંબંધકર્તા મામલતદાર/તાલુકા વિકાસ અધિકારીએ આપેલ આવકનું પ્રમાણપત્ર માન્ય રાખવાનું રહેશે.

(૨) કેન્દ્ર સરકાર / રાજય સરકાર કે તે હસ્તકના બોર્ડ / કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કે ગ્રાન્ટ–ઈન–એઈડ હેઠળની સંસ્થાઓના કર્મચારીઓના કિસ્સામાં રૂ.૫૫ હજારની વાર્ષિક આવક મર્યાદા લાગુ પડશે. **રૂ.૧ લાખની આવક મર્યાદાનો લાભ આવા કર્મચારીઓને મળી શકશે નહીં.**

(૩) આ સુધારેલી યોજના **તા.૧.૧૦.૨૦૦૬થી અમલમાં આવશે** અને નિયામક, સમાજ સુરક્ષા ખાતાએ તાત્કાલિક ધોરણે ઉપર દર્શાવેલી આવકમર્યાદા અનુસાર **ઓળખકાર્ડ આપવાની સઘળી કાર્યવાહી તા.૩૦.૯.૨૦૦૬ સુધીમાં અચૂક પૂરી કરવાની રહેશે.**

(૪) આ હુકમોની તારીખે ઓળખકાર્ડ ધરાવતા લાભાર્થીઓની સંખ્યાને પાયાની સંખ્યા ગણીને તે આધારે નકકી થતી રકમને પાયાનો ખર્ચ ગણીને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમને ચૂકવણી કરવાની રહેશે.

(૫) તા.૧.૭.૧૯૯૮ તથા તા.૨૫.૫.૨૦૦૫ના આ યોજનાના ઠરાવોમાં આ હેતુસર નિયત કરાયેલ અન્ય ધોરણો તથા શરતો યથાવત રહેશે.



૧૪૬

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨.૭.૨૦૦૬ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી.એમ. પટેલ )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (×)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/સર્વે માનનીય રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ, 'વાહનવ્યવહાર ભવન', મધ્યસ્થ કાર્યાલય, આસ્ટોડીયા, અમદાવાદ. (×)
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ, 'વાહનવ્યવહાર ભવન', મધ્યસ્થ કાર્યાલય, આસ્ટોડીયા, અમદાવાદ. (×)
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- **નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર... યોગ્ય અમલીકરણ માટે.**
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ. (×)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર. (×)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)

158

૧

- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક.નં૭, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ( આ અંગે બહોળી પ્રસિધ્ધિ માટે જરૂરી પ્રેસ–નોટ આપવાની વિનંતી સાથે)
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ/'છ.૧' શાખા / 'છ' શાખા
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

:) ટપાલ મારફત